GJVD060009212024

**RCS/47/2024**

**STATE BANK OF INDIA**
**VS.**
**VASAVA NATVARBHAI GANPATBHAI**

---

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ સાંજસુધી પોકાર કરાવતા વાદી બેંક તરફે વાદી બેંકના પ્રતિનિધિ કે વાદી બેંકના વિ.વ.શ્રી હાજર નથી કે તેઓ તરફે કોઈ રીપોર્ટ નથી.

રેકર્ડ વંચાણે લેતાં, સદર દાવો સને–૨૦૨૪ ની સાલનો છે. સદર દાવાના કામે મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી ધ્વારા તા.૨૧/૧૨/૨૦૨૪ ના રોજ આંક–૫ થી મુદા ઘડવામાં આવેલ છે. ત્યારબાદ સદરહુ દાવાનું કામ વાદી તરફે પુરાવો રજુ કરવા માટે મુલત્વી રાખવામાં આવેલુ પરંતુ ત્યારબાદ મુદત તા.૧૫/૦૨/૨૦૨૫, તા.૧૫/૦૩/૨૦૨૫, તા.૦૩/૦૫/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫, તા.૧૮/૦૭/૨૦૨૫, તા.૧૨/૦૮/૨૦૨૫, તા.૧૫/૦૯/૨૦૨૫, તા.૦૪/૧૦/૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫, તા.૦૭/૦૧/૨૦૨૬, તા.૦૫/૦૨/૨૦૨૬, તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ વાદી બેંક તરફે કોઈ હાજર નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે કોઈ રીપોર્ટ પણ આપવામાં આવેલ નથી. આ કામે વાદી બેંકને દાવાના કામે પુરાવો રજુ કરવા માટે ન્યાયના હિતમાં ઘણી મુદતો આપવામાં આવેલ હોવા છતાં તેઓ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે અને છેલ્લી ૧૩ જેટલી મુદત વિતવા છતાં દાવાના સ્ટેજમાં કોઈ ફેરફાર આવેલ નથી, તે રીતે વાદીને હાલનો દાવો ચલાવવામાં રસ હોય તે જણાતુ ન હોય જેથી હાલનો દાવો વાદી તરફે પુરાવો રજુ નહી કરવાના કારણોસર દાવાનું કામ આગળ ચાલી શકે તેમ ન હોય તેથી હાલનો દાવો વાદીની કસુરના કારણે પુરાવો રજુ નહી કરવા સબબ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ તારીખ:૫મી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ: ૦૫–૦૩–૨૦૨૬
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
વાઘોડીયા.
[યુ.આઈ.સી. નં.જીજે૦૧૩૫૭]

એસ.આર.તડવી